# S.U.G College of Education Vasna Ahmedabad

## અભ્યાસક્રમ વિકાસના સિધ્ધાંતો

ડૉ.કિરણબેન જયંતિલાલ પટેલ

# અભ્યાસક્રમના પ્રકાર અને અભિગમો

- **અભ્યાસક્રમના નિર્ધારકો (Determinants of Curriculum )**

1. **સામાજિક વૈવિધ્યતા**
2. **રાજકીય પરિબળો**
3. **આર્થિક પરિબળો**
4. **વ્યવસાયિક સંગઠન**
5. **પર્યાવરણ અને સંસ્થાકીય વિચારણા**

**ડૉ.કિરણબેન જયંતિલાલ પટેલ**

# 1. સામાજિક વૈવિધ્યતા

- ભારતીય સમાજ ખુબ ઝડપથી પરિવર્તન પામી રહ્યો છે. પ્રણાલીગત સમાજનું ઝડપથી આધુનિકરણ થઈ રહ્યું છે. સમાજના આધુનિકરણ પ્રક્રિયામાં અભ્યાસક્રમ મહત્વનો ભાગ ભજવી રહ્યો છે. જે દેશોએ શિક્ષણ ક્ષેત્રે ઉત્તમ પ્રગતિ કરી છે તે દેશો વિજ્ઞાન ટેકનોલોજી જેવી શિક્ષણની વિવિધ જ્ઞાન-વિજ્ઞાનની શાખાઓમાં જગતમાં મોખરે રહ્યા છે. ભારતમાં ગુલામી કાળ દરમિયાન થયેલા રૂઢ  ખ્યાલો,  પ્રણાલીગત રૂઢિઓ, વિકૃતિઓ, જડ માન્યતાઓ અને જૂની વિચારસરણીયો વગેરે અનેક દૂષણો અને તેમાંથી ઉદ્દ્ભવેલાં અનેક વિકટ પ્રશ્નોનો ઉકેલ એક માત્ર શિક્ષણ, તેનો અભ્યાસક્રમે તેમજ તેની યોગ્ય પ્રક્રિયા અને પદ્ધતિમાં જ રહેલો છે

ડૉ.કિરણબેન જયંતિલાલ પટેલ

# 2. રાજકીય પરિબળો

- શિક્ષણ પર રાજકારણ ની અસર છે. એવું હંમેશા દેખાય છે. 1926 પછી તેની અસર વધતી ગઈ. ભારત દેશની સ્વતંત્રતા મળી પછી સોશિયાલિસ્ટ પાર્ટીએ સૂત્ર આપ્યું કે પ્રાથમિક શિક્ષણ ફરજિયાત બનાવો. અને માધ્યમિક શિક્ષણ બધાને આપો. આની અસર શિક્ષણ પર થઈ પંચવર્ષીય યોજનામાં મુખ્ય હેતુ રાખ્યો કે પ્રાથમિક શિક્ષણ મફત સાર્વત્રિક ફરજિયાત બનાવવું. તેથી દેશના બધા બાળકોને અક્ષર જ્ઞાન મળી શકે જેને કારણે નવી શાળાઓ ખુલી શાળાઓ નું પ્રમાણ વધ્યું આજે અભ્યાસક્રમ દ્વારા ભાવિ નાગરિકોને માર્ગ ચીંધવા છે, કે જે દુનિયામાં તેમને જીવવાનું છે. તે દુનિયામાં તેમનો કાબુ હોવો જોઈએ. કોઈ પણ કાયદા કાનુન વગર સમાજમાં માનભેર ફરી શકે. અને તેમને જે ફેરફાર લાવવા હોય તે ફેરફાર યોગ્ય રીતે લાવી શકે.

ડૉ.કિરણબેન જયંતિલાલ પટેલ

# 3. આર્થિક પરિબળો

- શિક્ષણ પર આર્થિક પરિબળોની પણ અસર જોવા મળે છે. ભારત  વિકાસશીલ દેશ ગણાય છે અને વિકસિત દેશ તરફ પ્રગતિ કરી રહ્યો છે. ભારતમાં 60% લોકો રહ્યા છે ગરીબી રેખા નીચે જીવી રહ્યા છે આથી દરેક બાળકને અક્ષર જ્ઞાન મળી રહે તેવા હેતુથી શિક્ષણને મફત સાર્વત્રિક અને ફરજિયાત બનાવાયું છે.

ડૉ.કિરણબેન જયંતિલાલ પટેલ

# 4. વ્યાવસાયિક સંગઠન

- અભ્યાસક્રમના નિર્ધારણ માં વ્યવસાયિક સંગઠન અગત્યની ભૂમિકા ભજવે છે અભ્યાસક્રમ એવો હોવો જોઈએ કે જે તેને આજીવિકા આપી શકે શિક્ષણ મેળવ્યા પછી દરેક વ્યક્તિ રોજીરોટી મેળવી પોતાનું અને પોતાના પરિવારનું ગુજરાત ચલાવી શકે, ભારત દેશમાં ચાલતા વ્યવસાય મેળવવામાં સક્ષમ બની શકે, એટલું જ નહીં પરંતુ વિશ્વમાં ચાલતા વ્યવસાયો મેળવવામાં પણ પોતે સક્ષમ બની દુનિયા સાથે કદમ મિલાવી શકે

ડૉ.કિરણબેન જયંતિલાલ પટેલ

# 6. પર્યાવરણ અને સંસ્થાકીય વિચારણા

- અભ્યાસક્રમ નિર્ધારણ માં આસપાસ પર્યાવરણ અને સંસ્થાકીય વિચારણા પણ મહત્વનો ભાગ ભજવે છે. જેમકે, શાળાની ભૌતિક સુવિધાઓ, માનવીય બળ ને ધ્યાન મા રાખી અભ્યાસક્રમ નિર્ધારિત કરવો જોઈએ. શાળા પ્રવૃત્તિઓનું આયોજન કરતી વખતે પણ તેમાં શાળાની સાધનસામગ્રી તેમજ શાળામાં મળતી સગવડો અને સુવિધા વગેરેનો પણ ખ્યાલ શિક્ષણગણ  તથા વિદ્યાર્થીગણ સાથે કરવો જરૂરી છે. જેમકે, ભારત દેશનો  અભ્યાસક્રમ બીજા દેશોના અભ્યાસક્રમ કરતા જુદો પડે છે કારણ કે દરેક દેશનું પોતાનું આગવું પર્યાવરણ હોય છે અને તે મુજબ અભ્યાસક્રમ નિર્ધારિત થાય તે જરૂરી છે

**ડૉ.કિરણબેન જયંતિલાલ પટેલ**